# IIT-NITમાં પ્રવેશ માટે સંયુક્ત સીટ ફાળવણી પ્રક્રિયા

મુંબઈ,તા. ૨૯

ઘણી કોલેજોમાં ખાલી જગ્યાઓ રહી જાય છે તે બાબતની નોંધ લઈને હવે આ દિશામાં પણ વિચારણા કરવામાં આવી રહી છે. જેના ભાગરુપે આઈઆઈટી અને એનઆઈટી આ વર્ષે પ્રવેશ માટે સંયુક્ત બેઠક ફાળવણી પ્રક્રિયા સાથે આગળ વધનાર છે જેના પરિણામ સ્વરુપે આ પ્રક્રિયા સંયુક્ત હોવાથી વિદ્યાર્થીઓને ફાળવણી વધુ ઝડપથી થઈ શકશે. આઈઆઈટીમાં ત્રણ રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા પરિપૂર્ણ થઈ જશે જ્યારે એનઆઈટીમાં ચાર રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયાને પુરી કરી લેવાશે. નવી પ્રક્રિયા સાથે ખાલી જગ્યાઓમાં પણ ઘટાડો થશે. ૮૧ સંસ્થાઓમાં પ્રવેશ સિંગલ વિન્ડો પ્રક્રિયા મારફતે થશે. આ ૮૧ સંસ્થાઓમાં ૨૧ આઈઆઈટી, ૩૦ એનઆઈટી, ૧૦ આઈઆઈઆઈટી અને અન્ય સરકારી નાણા મેળવતી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ દેશમાં ૮૦ આઈઆઈટી, એનઆઈટી અને અન્ય કેન્દ્રિય ફંડથી ચાલતી ટેકનિકલ સંસ્થાઓ જે કુલ ૩૨૦૦૦ સીટ ધરાવે છે. જે સંસ્થાઓ પસંદગી કરવા માટે વિદ્યાર્થીઓ માટે એક મેનુ પર ઉપલબ્ધ રહેશે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં જ કોમન પ્રોસેસને રેગ્યુલેટ કરવા માટે જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટીની રચના કરી હતી. હવે આ ઓથોરિટી આ સપ્તાહમાં ફરી મળશે. જેમાં સત્તાવારા જાહેરનામુ જારી કરતા પહેલા પ્રક્રિયાની તમામ વિગતો તૈયાર કરવામાં આવશે. અગાઉ કેન્દ્ર સરકાર દેશભરમાં એન્જિનિયરિંગની સંસ્થાઓ માટે કોમન એન્ટ્રેસ ટેસ્ટ માટે કામ કર્યુ છે. ત્યારબાદ આઈઆઈટી માટે બે સ્તરના સ્ક્રિનીગ ટેસ્ટનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જામકાર લોકોનુ કહેવુ છે કે સંયુક્ત સીટ ફાળવણી પ્રક્રિયા વિદ્યાર્થીઓ માટે કિંમતી સમય બચાવી લેશે.પ્રિમિયર સંસ્થાઓમાં મોટા ભાગે જગ્યાએ ન રહે તેની ખાતરી કરવાના પ્રયાસો પણ કરવામાં આવનાર છે. એક સીટ કરતા વદારે લેવા વિદ્યાર્થીઓને આ પ્રક્રિયામાં મંજૂરી મળશે નહી જેથી વિદ્યાર્થીઓ સીટને બ્લોક કરશે તેવી વ્યવસ્થા રહેશે નહી. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા ઓનલાઈન સીટ એલોકેશન પ્રોસેસ માટે સાઈટ બનાવવામાં આવશે. હવે સિંગલ વિન્ડો પ્રોસેસ વ્યવસ્થા રહેશે. નવી પ્રક્રિયાથી ખાલી જગ્યા ઘટી જશે. પ્રક્રિયા સંયુક્તરીતે હાથ ધરવામા આવ્યા બાદ ફાળવણી પ્રક્રિયા ઝડપી બની જશે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા ફાળવણી પ્રક્રિયા પર નજર રાખવા માટે જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટીની રચના કરી છે. આઈઆઈટી ૨૫મી જૂનથી ઓનલાઈન ચોઈસ ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરે તેવી વકી છે. એક અંગ્રેજી અખબારમાં અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ આને લઈને ચર્ચા વિચારણા ચાલી રહી છે. બીજી બાજુ વિદ્યાર્થીઓ અને વાલી વર્ગમાં પણ આ પ્રક્રિયા સફળ સાબિત થશે કે કેમ તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. આ પ્રક્રિયા ઉપયોગી રહે તેમ મોટાભાગના નિષ્ણાતો માની રહ્યા છે. જે ઓથોરિટીની રચના કરવામાં આવનાર છે તે પારદર્શક રહેશે. આ વર્ષે પ્રક્રિયામાં મલ્ટીપલ રેન્કલિસ્ટને ધ્યાનમાં લેવામાં આવશે. વિદ્યાર્થીઓ દ્વારા ચોઈસ ફિલ્ડ અને મેરિટ ઉપર આધારિત રહેશે. એક વિદ્યાર્થી તમામ ૮૧ સંસ્થાઓમાંથી શક્ય તેટલા વધારે વિકલ્પની પસંદગી કરી શકશે. દાખલા તરીકે એક વિદ્યાર્થી આઈઆઈટી મુંબઈમાં ફર્સ્ટ ચોઈસ તરીકે કોમ્પ્યુટર એન્જિનિયરિંગની પસંદગી કરી શકશે જ્યારે બીજા વિકલ્પ તરીકે તે એનઆઈટી સુરતકાલમાં આજ કોર્સની પસંદગી કરી શકશે. આવીજ રીતે આઈઆઈટી દિલ્હીમાં ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગની પસંદગી પણ કરી શકશે.




# ૧૦૦ સ્માર્ટસિટી પ્રોજેક્ટને કેન્દ્રિય કેબિનેટની લીલીઝંડી

નવીદિલ્હી,તા. ૨૯

કેન્દ્રીય કેબિનેટે એનડીએ સરકારના ફ્લેગશીપ ૧૦૦ સ્માર્ટ સિટી પ્રોજેક્ટને આજે લીલીઝંડી આપી દીધી હતી. આ ઉપરાંત એક લાખ કરોડના કુલ ફાળવણી સાથે નવા અર્બન રિન્યુઅલ મિશનને પણ લીલીઝંડી આપી છે. આજે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી જેમાં શ્રેણીબદ્ધ દરખાસ્તને મંજુરી અપાઈ હતી. કેબિનેટની બેઠકમાં ૧૦૦ સ્માર્ટસિટીના વિકાસ માટે સ્માર્ટસિટી મિશનને મંજુરી અપાઈ હતી. આ ઉપરાંત ૪૮૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી સાથે ૫૦૦ શહેરોના અટલ મિશન ફોર રેજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશનને પણ મંજુરી અપાઈ છે. બે યોજના માટે ક્રમશઃ ૪૮૦૦૦ અને ૫૦૦૦૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે. સ્માર્ટસિટીને વડાપ્રધાન મોદીના પસંદગીના પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ શહેરોને વધુ રહેવા લાયક અને આદર્શ બનાવવાનો હેતુ રહેલો છે. આ મહત્વકાંક્ષી યોજના હેઠળ પસંદગી પામેલા શહેરને દર વર્ષે ૧૦૦-૧૦૦ કરોડ રૂપિયા મળશે. પાંચ વર્ષ સુધી દર વર્ષે ૧૦૦ કરોડની કેન્દ્રીય સહાયતા અપાશે જ્યારે અમૃત જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશનના નવા અવતાર તરીકે છે. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નામ સાથે અને ફરીથી શરૂ કરવામાં આવી છે. જેએનએનયુઆરએમ હેઠળ મંજુર આ પ્રોજેક્ટના અમૃત હેઠળ કેન્દ્રીય ફંડને મંજુરી અપાઈ છે. ૨૦૦૫-૧૨ દરમિયાન જેએનએનયુઆરએમ પ્રોજેક્ટને મંજુરી અપાઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે કેબિનેટની બેઠકમાં અન્ય પ્રોજેક્ટો પણ મંજુર કરાયા હતા. સ્માર્ટસિટીના મામલે મહત્વની બાબતને ધ્યાનમાં લઈને પસંદગી કરવામાં આવશે. દરેક રાજ્ય ચોક્કસસંખ્યામાં સ્માર્ટસિટીની યાદી બનાવશે. બે નવા મિશન હેઠળ આગામી પાંચ વર્ષ સુધી કેન્દ્ર સરકાર ખર્ચ કરનાર છે. જેએનએનયુઆરએમ માટે ૪૨૯૦૦ કરોડ મંજુર કરાયા છે.વાસ્તવિક કેન્દ્રીય સહાયતા આ ગાળા દરમિયાન અગાઉ ઓછી જાહેર કરાઈ હતી. આજની કેબિનેટની બેઠકમાં આગામી પાંચ વર્ષ સુધી શહેરી વિસ્તારોમાં બે લાખ કરોડના લઘુત્તમ રોકાણને પણ મંજુરી અપાઈ હતી. રાજ્યો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ આ દિશામાં કામ કરશે. વધુમાં ખાનગી મૂડીરોકાણ પણ રાજ્યો દ્વારા એકત્રિત કરાશે. પીપીપી મોડલ હેઠળ રાજ્યો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ કામ કરશે. સ્માર્ટસિટી એક્શન પ્લાનને અમલી કરવા દરેક શહેર માટે સ્પેશિયલ પરપોઝ વિકલ્પની રચના કરાશે. ૧૦૦ સ્માર્ટસિટી બનાવવાનો હેતુ રહેલો છે. સ્માર્ટસિટીને લઈને પહેલાથી જ ચર્ચાઓ રહી છે.

# ભ્રષ્ટાચાર આરોપમાં લઘુત્તમ સજા હવે ૩ વર્ષ સુધીની રહેશે

નવીદિલ્હી, તા. ૨૯

ભ્રષ્ટાચારની સામે કાયદાને વધુ કઠોર કરવાનો નિર્ણય નરેન્દ્ર મોદી સરકારે કરી લીધો છે. હવે ભ્રષ્ટાચારના આરોપમાં લઘુત્તમ સજા ત્રણ વર્ષની રહેશે. કેન્દ્રીય કેબિનેટમાં ભ્રષ્ટાચાર વિરોધી કાયદાને લીલીઝંડી આપી દીધી છે જેમાં ભ્રષ્ટાચાર સાથે સંબંધિત કેસમાં મહત્તમ સજા સાત વર્ષની રહેશે. સૂચિત સુધારા બિલમાં જોગવાઈ વધુ કઠોર કરાઈ છે. પીનલની જોગવાઈ વધારવામાં આવી છે. અગાઉ આ કાયદામાં માત્ર છ મહિનાની લઘુત્તમ સજા હતી જ્યારે નવા બિલમાં આને ઓછામાં ઓછી ત્રણ વર્ષની કરી દેવામાં આવી છે. આ બિલમાં જણાવવામાં આવ્યું છે કે, તમામ ભ્રષ્ટાચાર સાથે સંબંધિત ટ્રાયલ બે વર્ષમાં જ પૂર્ણ કરી લેવામાં આવશે. લાંચ લેનાર અને આપનાર બંનેને દોષિત ઠેરવવામાં આવશે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં પીસી એક્ટ હેઠળ કેસોના સરેરાશ ટ્રાયલનો ગાળો આઠ વર્ષથી ઉપરનો રહ્યો છે. ટ્રાયલની પ્રક્રિયા બે વર્ષની અંદર પુરી થાય તેનો હેતુ રહેલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં ભ્રષ્ટાચાર અટકાયત ધારા ૧૯૮૮માં સુધારાને મંજુરી અપાઈ છે. સૂચિત સુધારામાં કેટલીક બાબતો ઉમેરવામાં આવી છે. ભ્રષ્ટાચારના આરોપમાં લઘુત્તમ સજા ત્રણ વર્ષની કરી દેવામાં આવી છે. સરકારી કર્મચારી સામે ખટલા માટે અગાઉની મંજુરીની પણ વાત કરવામાં આવી નથી. ઉપરાંત પણ નવી જોગવાઈઓ ઉમેરવામાં આવી છે જેના ભાગરુપે તપાસ અને પુછપરછ માટે પ્રાથમિક મંજુરી લોકપાલ અથવા લોકાયુક્તની જરૂરી રહેશે. ભ્રષ્ટાચારને લઈને દેશમાં ચર્ચાઓનો દોર રહ્યો છે ત્યારે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ભ્રષ્ટાચાર અટકાયત સુધારા બિલ ૨૦૧૩ ૧૯મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે રાજ્યસભામાં રજૂ કરાયુંહતુ. નરેન્દ્ર મોદી સરકારે વારંવાર કહ્યું છે કે, ભ્રષ્ટાચારના દૂષણને રોકવા માટે તે કટિબદ્ધ છે. લોકસભાની ચૂંટણી દરમિયાન પણ ભ્રષ્ટાચાર મુખ્ય મુદ્દો રહ્યો હતો. ભ્રષ્ટાચારને હવે મોદી સરકારના ગાળામાં ગંભીર ગુના તરીકે ગણાશે. ભ્રષ્ટાચાર માટે મહત્તમ સજા પાંચ વર્ષથી વધારીને સાત વર્ષ કરી દેવામાં આવી છે. આવી જ રીતે લઘુત્તમ સજાને છ મહિનાથી વધારીને ત્રણ વર્ષ કરાઈ છે. સુધારાને કેન્દ્રીય કેબિનેટે આજે મંજુરી આપી હતી.

# ખેડૂતોના મુદ્દાને ઉઠાવી રાહુલ દ્વારા સરકાર પર આકરા પ્રહાર

### મોદીની મેક ઇન ઇન્ડિયા પહેલની ઝાટકણી : ખેડૂતો તરફ ધ્યાન અપાઈ રહ્યું નથી : ખેડૂત સમસ્યાને જાણવા અપીલ

નવીદિલ્હી,તા. ૨૯

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ આજે લોકસભામાં ખેડૂતો અને મજૂરોની તકલીફનો મુદ્દો ઉઠાવ્યો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર સીધા આક્ષેપો કર્યા હતા. રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મેક ઈન ઈન્ડિયા પહેલની જોરદાર ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, ખેડૂતો આ ઝુંબેશમાં સૌથી મોટા યોગદાન આપનાર તરીકે રહ્યા છે પરંતુ તેઓ



હવે નિઃસહાય બની ગયા છે. મોદી હવે મેક ઈન ઈન્ડિયાની વાત કરી રહ્યા છે. મેક ઈન ઈન્ડિયામાં પંજાબના ખેડૂતોથી વધારે યોગદાન કોણે આપ્યું છે. ગરીબો મેન ઈન ઈન્ડિયામાં યોગદાન આપે તે મેક ઈન ઈન્ડિયા મોદી સરકાર ગણતી નથી. કેન્દ્ર સરકારે ખેડૂતોને મદદ કરવા તરત પગલા લેવા જોઈએ. ખેડૂતો ભારતની કરોડરજ્જુ સમાન છે. રાહુલે એમ પણ કહ્યું હતું કે, ખેડૂતોને જ્યા પણ અન્ય થશે તેઓ જશે. તેમની પીડાને સમજશે. રાહુલે અગાઉ પણ લોકસભામાં જમીન બિલ અને ખેડૂત બિલના મુદ્દે વાત કરી હતી. બે મહિના સુધી રજા ઉપર રહ્યા હતા બાદ પરત ફરેલા રાહુલે હાલમાં ખેડૂતોના મુદ્દાને અને જમીન બિલના મુદ્દાને ચગાવ્યો છે. રાહુલે ગઈકાલે ટ્રેન મારફતે જઈને પંજાબના ખેડૂતો સાથે વાત કરી હતી.

ખેડૂતોના મુદ્દાઓને સમજવા મંડીની મુલાકાત લીધી હતી. રાહુલ ગાંધીએ મોદી સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. ખેડૂતોના મુદ્દે આજે ઉગ્ર ગરમાગરમી રહી હતી. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર રહ્યો હતો. બીજી બાજુ લોકસભામાં એસએડીના નેતા હરસિમરત કૌરે કહ્યું હતું કે, જ્યારે કરાના તોફાન અને વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં હતા ત્યારે રાહુલ ગાંધી ક્યા હતા. બીજી બાજુ રાહુલે મંડીમાં પડેલા અનાજને મેળવી લેવા અને ખેડૂતોને મદદ કરવા સરકારને અપીલ કરી હતી. વડાપ્રધાને પંજાબ અને અન્ય જગ્યાઓએ જઈને વાસ્તવિકતા સમજવી જોઈએ. ખેડૂતોની સમસ્યા ત્યારબાદ જ જાણી શકાશે. મોદી સરકાર ખેડૂતો અને મજુરોની સરકાર નથી. ખેડૂતોને બોનસની રકમ પણ મળી રહી નથી.

# નેપાળ : પ્રચંડ ધરતીકંપ બાદ ચીજવસ્તુઓના ભાવ બેકાબુ

કાઠમાન્ડુ,તા. ૨૯

વિનાશકારી ભૂંકપ બાદ હવે નેપાળમાં રહેતા લોકો સામે નવી મોટી સમસ્યા આવી ગઈ છે. સમસ્યા અસામાન્ય ભાવ વધારાની છે. તમામ ચીજવસ્તુઓના ભાવ રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી ગયા છે. દુધ પાવડર, શાકભાજી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ બેકાબુ બનેલા છે. મોટા ભાગની ચીજવસ્તુઓના ભાવ અનેક ગણા વધી ગયા છે. ભૂંકપની વિનાશલીલા ઝેલી રહેલા દેશમાં કાળા બજારી કરનાર લોકો, રિટેલર્સ, હોલસેલર્સ, ટેક્સી માલિકો, રિક્સાવાળા, નાની હોટલ ધરાવનાર લોકો જંગી નાણાં પરિસ્થીતનો લાભ લઈને ઉભા કરી રહ્યા છે. તેમના પર હાલ કોઈ અંકુશ મુકી શકે તેવી સ્થિતીમાં નથી. ગૃહ મંત્રાલય દ્વારા તેમની સામે કઠોર કાર્યવાહી કરવાની ચોક્કસપણે વાત કરી છે. પરંતુ વાસ્તવિકતા જુદી છે. બિઝનેસમેન વિક્રમ શેઠે કહ્યું છે કે ટેક્સ ચાલક એરપોર્ટથી થમેલ સુધી જવા માટે ૫૦૦૦ રૂપિયા માંગી રહ્યા છે. જે સામાન્ય રીતે ૮૦૦ રૂપિયા રહે છે. શાકભાજીના ભાવ ૫૦ ટકા સુધી વધી ગયા છે. જે જગ્યાએ માંસ મળે છે તે જગ્યાએ તેની કિંમત ખુબ વધી ગઈ છે. દુકાનોમાં હાલ બિસ્કિટ, પાણી, નુડલ્સની માંગ વધારે છે. પરંતુ તમામ જગ્યા પર ભારે લૂંટ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૩૪માં આવેલા ભૂંકપ બાદ વડાપ્રધાન જંગ બહાદુર રામાએ જાહેરાત કરી હતી કે જે વ્યક્તિ સંગ્રહખોરી કરતા ઝડપાઈ જશે તેને કઠોર સજા કરવામાં આવનાર છે.

# ગજેન્દ્રસિંહના મોત માટે એએપીના સભ્યો દોષિત

નવદિલ્હી,તા. ૨૯

ખેડૂત ગજેન્દ્રસિંહની આત્મહત્યાના મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા માંગવામાં આવેલા અહેવાલ બાદ તેના જવાબમાં દિલ્હી પોલીસે આજે તેના અહેવાલમાં આમ આદમી પાર્ટી ઉપર દોષારોપણ કર્યા હતા. ગજેન્દ્રસિંહના મોત માટે એએપી ઉપર દોષારોપણ કરતા જણાવવામાં આવ્યું છે કે, નેતાઓ ઉશ્કેરણીજનક ભાષણો આપી રહ્યા હતા. ખેડૂતના મોત માટે જંતરમંતરમાં આયોજિત રેલીમાં ઉપસ્થિત લોકો જવાબદાર દેખાઈ રહ્યા છે. દિલ્હી પોલીસ અને એએપી સરકાર હજુ પણ આમને સામને દેખાઈ રહી છે. દિલ્હી પોલીસના અહેવાલ મુજબ એએપીના નેતાઓ ઉશ્કેરણીજનક ભાષણો કરી રહ્યા હતા. રેલી ખાતે ઉપસ્થિત લોકો ઉશ્કેરણીજનક કૃત્યો કરી રહ્યા હતા. આત્મહત્યા કરી લેવા ગજેન્દ્રને ઉશ્કેરવામાં આવી રહ્યો હતો. રિપોર્ટમાં આક્ષેપ




કરવામાં આવ્યો છે કે, એએપીએ રામલીલા મેદાન ખાતે રેલીના સ્થળને બદલી નાંખવા પોલીસની વિનંતીને પણ સ્વીકારી ન હતી. દિલ્હી પોલીસે આક્ષેપ કર્યો હતો કે, તપાસ કરવા કેજરીવાલ સરકાર દ્વારા જેને જવાબદારી સોંપાઈ હતી તે વ્યક્તિએ પણ પોસ્ટમોર્ટમ ન કરવા માટે કહ્યું હતું. નવી દિલ્હી ડિસ્ટ્રીક્ટના સીડીએમએ પોલીસને પોસ્ટમોર્ટમ ન કરવા કહ્યું હતું. રિપોર્ટ એવા અહેવાલો વચ્ચે સુપરત કરાયો છે કે, કેજરીવાલ સરકાર અને પોલીસ વચ્ચે ખેંચતાણની સ્થિતિ રહી છે. મૃતક ખેડૂતના સગાસંબંધીઓ પૈકી એકે પોલીસને કહ્યું હતું કે, ટીવી ઉપર ઘણી બધી ગતિવિધિ દર્શાવવામાં આવી રહી છે તેમ પણ કહેવામાં આવ્યું હતું. એએપીની રેલીને લઈને જોરદાર વિવાદ છેડાઈ ગયો છે. બે સાક્ષીઓ જે વૃક્ષ ઉપર ચઢતા ગજેન્દ્રસિંહને જોઈ ગયા હતા તે લોકોની પુછપરછ કરવામાં આવી રહી છે. ગજેન્દ્રસિંહની હિલચાલમાં ચકાસણી કરવામાં આવી રહી છે. જંતરમંતર ખાતે ગજેન્દ્રસિંહ દૌસાથી પહોંચ્યો હતો. ૪૧ વર્ષીય ગજેન્દ્રસિંહે વૃક્ષ ઉપર લટકી જઈને એએપીની રેલીમાં હાલમાં જ આત્મહત્યા કરી હતી.

**ધોની અને ગૌત્તમ ગંભીર આમને સામને રહેશે**

# કોલકાતા અને ચેન્નાઈ વચ્ચે આજે કોલકાતામાં જંગ થશે

કોલકાતા,તા. ૨૯

કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન પર આવતીકાલે ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે જોરદાર જંગ ખેલાનાર છે. ધોની અને ગૌત્તમ



ગંભીર આમને સામને રહેશે. ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન તરીકે મહેન્દ્રસિંહ ધોનીએ ઉલ્લેખનીય કામગીરી અદા કરી છે અને તે પોતાની ટીમને છ પૈકી પાંચમાં જીત અપાવવામાં સફળ રહ્યો છે. તે ૧૦ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે. બીજી બાજુ ગૌત્તમ ગંભીરના નેતૃત્વમાં કોલકાતા નાઈટ રાઈડર્સે છ પૈકી ત્રણમાં જીત મેળવી છે અને સાત પોઈન્ટ ધરાવે છે. બંને ટીમોમાં કેટલાક ધરખમ ખેલાડીઓ રહેલા છે. જો કે, ચેન્નાઈ સુપર હોટ ફેવરિટ તરીકે છે. ધોની, સુરેશ રૈના, રવિન્દ્ર જાડેજા, આશીષ નેહરા, મેક્કુલમ શાનદાર ફોર્મ ધરાવે છે જેથી ઘરઆંગણે કોલકાતા નાઈટ રાઈડર્સને પડકારરુપ સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. આ મેચનુંપ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવશે. સ્ટાર ખેલાડીઓને જોવા માટે મોટી સંખ્યામાં ચાહકો પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# નેપાળ ભૂંકપ : ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત થઈ

કાઠમાડુ,તા. ૨૯

સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર ૭.૮ની તીવ્રતા સાથેના શનિવારના ભૂંકપમાં મોતનો આંકડો વધીને સત્તાવારરીતે ૫૦૦૦થી ઉપર પહોંચી ગયો છે. હજુ સેંકડો લોકો કાટમાળ હેઠળ દટાયેળા છે. આ તમામ લોકો જીવિત નિકળે તેવી શક્યતા હવે ઓછી દેખાઈ રહી છે. જો કે શનિવારના ભૂંકપ બાદ બચાવ અને રાહત કામગીરી તમામ જગ્યાએ યુદ્ધના ધોરણે જારી છે.તેમના ટેલિવીઝન સંબોધનમાં મોડી રાત્રે વડાપ્રદાન સુશીલ કોઈરાલાએ ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી હતી.ઈજાગ્રસ્તોની સંખ્યા ૧૦૦૦૦થી ઉપર પહોંચેલી છે. કુલ ૬૬ લાખ લોકોને માઠી અસર થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હજુ પણ કાટમાળ હેઠળથી મોટી સંખ્યામાં મૃતદેહો મળી રહ્યા છે. નેપાળના વડાપ્રધાન સુશીલ કોઈરાલાએ ગઈકાલે કબૂલાત કરી હતી કે, આ વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો અંતે ૧૦૦૦૦થી પણ ઉપર પહોંચી શકે છે. બચાવ અને રાહત કામગીરીને ઝડપી કરી દેવામાં આવી છે. અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેટળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. પાટનગર કાઠમાડુ સહિત તમામ ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂંકપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ ફેલાયેલો છે. હજુ લોકો સમગ્ર રાત્રી જાગીને ગાળી રહ્યા છે. શનિવારે આવેલા ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ. નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૬૦ આંચકા આવી ચુક્યા છે. નેપાળમાં શનિવારના ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા.જેમાં પાટનગર કાઠમાન્ડુમાં સ્તિત ધરહરા મીનાર અને લોકપ્રિય દરબાર સ્કેવેયર સહિતના સ્થળનો સમાવેશ થાય છે. કાઠમાન્ડુ ખીણની મોટા ભાગની ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ચુકી છે.જેમાં સેંકડો લોકોના મોત થાય છે. સેના, પોલીસ અને ઈમરજન્સી સેવાના કર્મચારીઓ કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને તેમને હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં લાગેલા છે. શનિવારે પ્રથમ આંચકો પ્રથમ ૭.૮ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફ્ટરશોક્સનો દોર જારી રહ્યો હતો. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.જેને હવે સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જો કે હજુ સમય લાગી શકે છે. નેપાળમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બેથી ત્રણ મિનિટ સુધી પ્રચંડ આંચકો લોકોએ અનુભવ્યો હતો. ભૂકંપના એક પછી એક આંચકાના કારણે લોકો ઘરની બહાર જ રહ્યા હતા. શનિવારે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત પ્રચંડ ભૂકંપ આવતા ભારે નુકસાન થયું હતુ.

# જમીન વટહુકમ વિરૂદ્ધ એનસીપી મત આપશે

નવીદિલ્હી,તા. ૨૯


એનસીપીના પ્રમુખ શરદ પવારે આજે કહ્યું હતું કે, તેના વર્તમાન સ્વરુપમાં જમીન વટહુકમને લવાશે તો એનસીપી આ વટહુકમની વિરુદ્ધમાં મત આપશે. શરદ પવારના નિવેદને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે મોદી સરકાર રાજ્યસભામાં આ બિલને લઈને મુશ્કેલીનો સામનો કરી શકે છે. શરદ પવારે આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેઓ ઘણા બધા રાજકીય પક્ષો સાથે આ મુદ્દે વાતચીત કરી ચુક્યા છે. વટહુકમનો વિરોધ કરી રહેલા પક્ષો સાથે વાત કરી ચુક્યા છે. સરકારે નીચલા ગૃહમાં બહુમતિના આધાર પર સપાટો બોલાવી દીધો છે પરંતુ રાજ્યસભામાં ચિત્ર અલગ રહેશે. એનસીપી ઉપલા ગૃહમાં વટહુકમની વિરુદ્ધમાં મત આપશે. તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારે વિપક્ષ સાથે વાતચીત કરવા પોઈન્ટ મેન તરીકે પરિવહન પ્રધાન નીતિન ગડકરીની નિમણૂંક કરી છે.

**ખાસ સીબીઆઈ કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજૂ થતા સનસનાટી**

# કોલસા કૌભાંડમાં નવીન જિંદાલ, અન્ય ૧૪ સામે ચાર્જશીટ દાખલ

નવીદિલ્હી,તા. ૨૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર કોલસા કૌભાંડના સંદર્ભમાં સીબીઆઈએ ઉદ્યોગપતિ નવીન જિંદાલ અને અન્ય ૧૪ સામે આજે ચાર્જશીટ દાખલ કરતા સનસનાટી મચી ગઈ હતી. ઝારખંડમાં અમરકોંડા મુરગાદંગલ કોલસા બ્લોક ફાળવણી કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડા, પૂર્વ પ્રધાન દશરી નારાયણરાવ અને પૂર્વ કોલસા સચિવ એસસી ગુપ્તાના નામનો ઉલ્લેખ પણ સીબીઆઈની ચાર્જશીટમાં કરાયો હતો. જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ અને જિંદાલ રિયાલીટી પ્રાઈવેટ લિમિટેડ સહિત પાંચ કંપનીઓના નામ સીબીઆઈની ચાર્જશીટમાં આરોપી તરીકે રજૂ કરાયા છે. ફોજદારી કાવતરા, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર અટાકયત ધારાની જુદી જુદી કલમ હેઠળ તેમની સામે ચાર્જશીટ દાખલ કરાઈ છે. ઉદ્યોગપતિ જિંદાલ, ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી કોડા અને અન્ય ૧૨ સામે કોલસા બ્લોક ફાળવણી અંગે કૌભાંડ કેસમાં ખાસ અદાલત સમક્ષ ચાર્જશીટ દાખલ કરાઈ હતી. ચાર્જશીટમાં આરોપી



તરીકે ઘણા બધાના ઉલ્લેખ છે. આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ ૧૫ સામે સજાપાત્ર આક્ષેપો કર્યા છે. આઈપીસીની કલમ ૧૨૦બી, ૪૨૦નો સમાવેશ થાય છે. સીબીઆઈ જજ ભરત પરાશર સમક્ષ આ ચાર્જશીટ દાખલ કરાઈ હતી. આવતીકાલે ચાર્જશીટને વિચારણા માટે હાથ ધરવામાં આવશે. સીબીઆઈએ અગાઉ દશરી નારાયણ રાવ, નવીન જિંદાલ અને અન્યો સામે કેસ દાખલ કર્યો હતો. સીબીઆઈએ કહ્યું છે કે, ઘણી બધી બાબતોને યોગ્યરીતે રજૂ કરવામાં આવી ન હતી. કોલસા બ્લોકની ફાણવણીમાં ફોજદારી ગેરઆચરણની સ્થિતિ રહેલી છે. ૨૦૦૮માં ઝારખંડમાં કોલસા બ્લોક મેળવી લેવામાં જિંદાલ સ્ટીલ અને પાવર લિમિટેડ તથા ગગનને સફળતા મળી હતી. ત્રણ જગ્યાએ ખોટી રજૂઆતો કરવામાં આવી હતી જેમાં પાણી, જમીન, અગાઉની ફાળવણીનો સમાવેશ થાય છે. જાન્યુઆરી ૨૦૦૭માં તેની રજૂઆતમાં જેએસપીએલે જણાવ્યું હતું કે, તેમની પાસે માત્ર ત્રણ કોલસા બ્લોક છે. હકીકતમાં તેમની પાસે છ કોલસા બ્લોક હતા. એક વર્ષની અંદર આ બ્લોકની ફાળવણી જેએસપીએલને કરવામાં આવી હતી. રાવ કોંગ્રેસના પૂર્વ રાજ્યસભાના સભ્ય તરીકે પણ છે.